પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૪૨ | ૧૪ નવેમ્બર, ૨૦૨૨, સોમવાર; કારતક વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ઈંગ્લેન્ડ ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપ વિજેતા

## પાકિસ્તાન સામે બેન સ્ટોક્સની મેચ વિનિંગ ઈનિંગ્સ, અણનમ ૫૨ રન : પાક.ના આઠ વિકેટે ૧૩૭ રનના જવાબમાં ઈંગ્લેન્ડના ૧૯ ઓવરમાં ૧૩૮ રન : પાકિસ્તાન માટે મસૂદના સૌથી વધુ ૩૮ રન, હેરિસ રૌફે બે વિકેટ ઝડપી




મેલબોર્ન, તા.૧૩

જોસ બટલરની આગેવાનીવાળી ઈંગ્લેન્ડ ટીમે ધમાકેદાર પ્રદર્શન કરતાં ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપ જીતી લીધો છે. મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાયેલી ફાઈનલમાં લાજવાબ બોલિંગ પ્રદર્શન બાદ બેન સ્ટોક્સની મહત્વની ઈનિંગ્સની મદદથી ઈંગ્લેન્ડે પાકિસ્તાનને પાંચ વિકેટે પરાજય આપ્યો હતો. આ સાથે જ ઈંગ્લેન્ડે ૧૯૯૨ના વન-ડે વર્લ્ડ કપની ફાઈનલનો હિસાબ ચૂકતે કર્યો છે. ૧૯૯૨ના વન-ડે વર્લ્ડ કપની ફાઈનલમાં ઈંગ્લેન્ડને હરાવીને પાકિસ્તાન ચેમ્પિયન બન્યું હતું. ઈંગ્લેન્ડે ટોસ જીતીને બાબર આઝમની ટીમને પ્રથમ બેટિંગ માટે આમંત્રણ આપ્યું હતું. પાકિસ્તાની ટીમ ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૧૩૭ રનનો સ્કોર જ નોંધાવી શકી હતી. જોકે, પાકિસ્તાને વળતો પ્રહાર કરવાનો પ્રયાસ કર્યો હતો અને શરૂઆતમાં મહત્વની વિકેટો ઝડપીને ઈંગ્લેન્ડને દબાણમાં લાવી દીધું હતું. પરંતુ બેન સ્ટોક્સે એક છેડો જાળવી રાખ્યો હતો અને અણનમ અડધી સદી ફટકારીને ટીમને વિજય અપાવ્યો હતો. ઈંગ્લેન્ડે ૧૯ ઓવરમાં પાંચ વિકેટે ૧૩૮ રન નોંધાવીને મેચ અને ટી૨૦ વર્લ્ડ કપ ટ્રોફી જીતી લીધી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# અમેરિકાના આકાશમાં ઉડતાં વિમાનોના ફુરચે ફુરચાં થયા

## અકસ્માતમાં ૬ના મોત : અમેરિકાના ડલ્લાસમાં એર શો દરમિયાન બે ઐતિહાસિક મિલિટરી એરક્રાફ્ટ અથડાઇને ક્રેશ થઇ ગયા હતા





ડલ્લાસ, તા.૧૩

ફરી એકવાર અમેરિકામાં થઈ વિમાન દુર્ઘટના. અમેરિકાના આકાશમાં ઉડ્યા વિમાનોના ફુરચે ફુરચાં, અમેરિકાના ડલ્લાસમાં એર શો દરમિયાન બે ઐતિહાસિક મિલિટરી એરક્રાફ્ટ અથડાઈને ક્રેશ થઈ ગયા.

આ અકસ્માતમાં ૬ લોકોના મોત થયા છે. ફેડરલ અધિકારીઓએ જણાવ્યું હતું કે, વિમાનો અથડાયા બાદ આકાશમાં ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા. અધિકારીઓના જણાવ્યા અનુસાર બંને પ્લેનમાં ૬ લોકો હાજર હતા. ટ્વિટર પર પોસ્ટ કરાયેલા કેટલાક વિડીયોમાં જોવા મળે છે કે, બે વિમાનો ઝડપથી નીચે ઉતરતા પહેલા હવામાં અથડાઈ જાય છે અને વિમાનમાં આગ લાગી જાય છે અને આકાશમાં ધુમાડાના ગોટેગોટા જોવા મળી રહ્યા છે.

આ ઘટનાનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાયુવેગે વાયરલ થઈ રહ્યો છે. થોડી જ વારમાં

# દેશમાં ૧૦ લાખને સરકારી નોકરીનો ટાર્ગેટ

## સરકારે તૈયાર કર્યો છે પ્લાન : સરકારે વર્ષ ૨૦૨૩ના અંત સુધીમાં કેન્દ્ર અંતર્ગત આવતી અલગ અલગ ખાલી જગ્યાઓ ભરવા જાહેરાત કરી હતી

નવી દિલ્હી, તા.૧૩

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર વર્ષ ૨૦૨૩ના અંત સુધીમાં ૧૦ લાખ લોકોને રોજગાર આપવાનો ટાર્ગેટ રાખ્યો છે. તેના માટે સ્પેશિયલ પોર્ટલ, બે મહિનાનો ટાર્ગેટ, સચિવ સ્તર પર દર અઠવાડીયે સમીક્ષા બેઠક ફુલ કેલેન્ડર તૈયાર કરવું, રિટાયરમેન્ટને લઈને ખાલી પડેલી જગ્યાઓના આંકડા એકઠા કરવા જેવા પગલા ઉઠાવ્યા છે.

તેમનો એક જ હેતું છે કે વર્ષ ૨૦૨૩ના અંત સુધીમાં ૧૦ લાખ લોકોને નોકરી આપવામાં આવે. પ્રધાનમંત્રી કાર્યાલયના ટોચના અધિકારીઓની દેખરેખની જવાબદારી સોંપવામાં આવી છે. બેરોજગારી સમસ્યાનો મુદ્દા બન્યા બાદ મોદી સરકાર વર્ષ ૨૦૨૩ના અંત સુધીમાં કેન્દ્ર અંતર્ગત આવતી અલગ અલગ ખાલીઓ જગ્યાઓ ભરવા માટે ૧૦ લાખ પદોની જાહેરાત કરી હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બેરોજગારી અને નોકરીની વાતનો મુદ્દો ચગ્યા બાદ વડાપ્રધાન મોદીએ કેન્દ્ર સરકારમાં ખાલી પડેલી ૧૦ લાખ જગ્યાઓ ભરવાની જાહેરાત કરી હતી. વર્ષ ૨૦૨૩ના અંત સુધીમાં આ પદ ભરવાનો ટાર્ગેટ રાખ્યો છે. જોત જોતામાં ઓક્ટોબરમાં પહેલો 'રોજગાર મેળો' આયોજીત કર્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# આસિયાન દેશોનો આતંકવાદ સામે એકજૂટ થવાનો સંકલ્પ

## ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કંબોડિયાની મુલાકાતે : આ વર્ષે ASEAN-ભારત સંબંધોની ૩૦મી વર્ષગાંઠ છે અને તેને ASEAN-ભારત મિત્રતા વર્ષ તરીકે મનાવાય છે



કંબોડિયા, તા.૧૩

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કંબોડિયાની મુલાકાતના છેલ્લા દિવસે રવિવારે અહીં પૂર્વ એશિયા સમિટને સંબોધિત કરી હતી.

વિદેશ મંત્રાલયના એક અધિકારીએ કહ્યું કે ઉપરાષ્ટ્રપતિનું સંબોધન એક સત્ર હતું જેમાં ફક્ત તેના સભ્યોને જ ભાગ લેવાની મંજૂરી આપવામાં આવી હતી. ધનખર ત્રણ દિવસની મુલાકાતે કંબોડિયામાં છે. આ વર્ષે ASEAN-ભારત સંબંધોની ૩૦મી વર્ષગાંઠ છે અને તેને ASEAN-ભારત મિત્રતા વર્ષ તરીકે મનાવવામાં આવે છે.

દક્ષિણપૂર્વ એશિયાઈ રાષ્ટ્રોના સંગઠન એ બ્રુનેઈ, કંબોડિયા, ઈન્ડોનેશિયા, લાઓસ, મલેશિયા, મ્યાનમાર, ફિલિપાઈન્સ, સિંગાપોર, થાઈલેન્ડ અને વિયેતનામ સહિત દક્ષિણપૂર્વ એશિયાના ૧૦ સભ્ય દેશો સાથેનું આંતરરાષ્ટ્રીય સંગઠન છે. ઉપરાષ્ટ્રપતિ ધનખરે શનિવારે અહીં ૧૯મી આસિયાન-ભારત સમિટને સંબોધિત કર્યા પછી ભારત અને આસિયાન દેશોએ વ્યાપક

● અનુસંધાન પાન-૭ પર

# ઉદયપુર-અમદાવાદ રેલવે ટ્રેક પર બ્લાસ્ટ

## લોકોને રાત્રે જોરદાર વિસ્ફોટનો અવાજ સંભળાયો હતો ત્યારબાદ પાટા પર જોઈને જોયું તો પાટા તૂટેલા હતા : ડરનો માહોલ : ૧૩ દિવસ પહેલા વડાપ્રધાન મોદીએ કર્યું હતું ઉદ્ઘાટન



ઉદયપુર, તા.૧૩

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે ૧૩ દિવસ પહેલા શરૂ થયેલ ઉદયપુર-અમદાવાદ રેલવે લાઈન પર શનિવારે રાત્રે બ્લાસ્ટ થતા ડરનો માહોલ બની ગયો હતો. પ્રથમ દ્રષ્ટિએ રેલવે ટ્રેકને ઉખાડવાના પ્રયાસમાં બ્લાસ્ટ કરવામાં આવ્યો છે અને ઘટનાસ્થળેથી દારૂગોળો મળી આવ્યો છે.

હકીકતમાં ઘટનાસ્થળ આસપાસ માઈનિંગ એરિયા પણ છે. પોલીસ અને રેલવે અધિકારીઓએ તપાસ શરૂ કરી દીધી છે. ઘટનાસ્થળના બંને તરફ ટ્રેનની અવરજવર બંધ છે.

સ્થાનીક ગ્રામીણોની સજાગતાથી આ નવા રૂટ પર મોટી દુર્ઘટના ટળી ગઈ છે. સૂત્રો પ્રમાણે ઘટના શનિવારે મોડી રાત્રે સલૂમ્બર માર્ગ પર કેવડેની નાલમાં ઓઢા રેલવે પુલની છે. અહીં પાછલી રાત્રે ૧૦ કલાકે ગ્રામીણોને આસપાસ ધમાકાનો અવાજ સાંભળવા મળ્યો હતો. ત્યારબાદ કેટલાક યુવા તત્કાલ પાટા પાસે પહોંચ્યા હતા. ત્યાંની સ્થિતિ જોઈને ચોંકી ગયા હતા. તેમણે જણાવ્યું કે રેલવે લાઈન પર વિસ્ફોટક હતો. એમ લાગી રહ્યું હતું કે રેલવે પુલને ઉડાવવાનું ષડયંત્ર રચવામાં આવ્યું હોય.

પાટા ઘણી જગ્યાએથી તૂટી ચુક્યા છે. પુલ પર લાઇનથી નટ-બોલ્ટ પણ ગાયબ મળ્યા હતા. ટ્રેક પર લોખંડ ઉખડેલું જોવા મળ્યું હતું. ઉદયપુર પોલીસ અધીક્ષક વિકા શર્માએ આ ઘટનાની પુષ્ટિ કરતા જણાવ્યું કે એફએસએલ ટીમ સ્થળ પર છે. તપાસ બાદ સ્થિતિ સામે આવશે. રેલવે અજમેર મંડળના જનસંપર્ક અધિકારી અશોક ચૌહાણે જણાવ્યું કે ઘટના થઈ છે, તપાસ ચાલી રહી છે. ઘટનાસ્થળની બંને તરફ ટ્રેનની અવરજવર રોકી દેવામાં આવી છે.

ચૌહાણે જણાવ્યું કે રેલવે દ્વારા લાઈનને ઠીક કરવાનું કામ ચાલી રહ્યું છે. હાલ અમદાવાદ અસારવા ટ્રેન ડૂંગરપુરથી અસારવા સુધી સંચાલિત થશે.

ઉદયપુર-અસારવા ટ્રેન દરરોજ સાંજે ૫ કલાકે રવાના થાય છે. જે રાત્રે ૧૧ કલાકે આસરવા પહોંચે છે. આ રીતે અસારવા-ઉદયપુર દરરોજ સવારે ૬.૩૦ કલાકે રવાના થઈને બપોરે ૧૨.૩૦ કલાકે ઉદયપુર સિટી સ્ટેશન પહોંચે છે.

# ફિલ્મમેકર રાકેશ શર્મા કેન્સર સામે હાર્યા જીંદગીનો જંગ

## અમિતાભ બચ્ચને આપી શ્રદ્ધાંજલિ : મુંબઈના અંધેરીમાં તેમના માટે પ્રાર્થના સભા રખાઈ હતી

મુંબઈ, તા.૧૩

દિગ્ગજ પ્રોડ્યુસર રાકેશ શર્માનું ૧૦ નવેમ્બરે મુંબઈમાં નિધન થઈ ગયું છે. તે સ્ક્રીન રાઈટર અને પ્રોડ્યુસર પણ હતાં. તે લાંબા સમયથી કેન્સર સામે લડી રહ્યા હતાં. મુંબઈના અંધેરીમાં રવિવારે તેમના માટે પ્રાર્થના સભા રાખવામાં આવી છે. તેમના નિધન પર અમિતાભ બચ્ચને તેમને શ્રદ્ધાંજલી આપી છે. તેમણે પોતાના બ્લોગમાં એક લાંબી શ્રદ્ધાંજલી નોટ લખી છે. અમિતાભે તેમની સાથે 'દો ઔર દો પાંચ', 'મિ. નટવરલાલ' અને 'યારાના'માં સાથે કામ કરેલું છે, રાકેશની આ ફિલ્મ સુપરહિટ રહી છે.

રાકેશ શર્માની ફેમિલીએ પ્રાર્થના સભા માટે સુચના જાહેર કરી છે, જેમાં લખ્યુ હતું, "રાકેશ શર્મા (૧૮ ઓક્ટોબર, ૧૯૪૧ - ૧૦ નવેમ્બર, ૨૦૨૨) ની લિવિંગ મેમોરીમાં, કૃપયા પ્રાર્થના સભામાં સામેલ રહેશો. રવિવાર, ૧૩ નવેમ્બર, બેંક્વેટ, ધ સેલિબ્રેશન સ્પોર્ટ્સ ક્લબ, ગાર્ડન નં. ૫, લોખંડવાલા, અંધેરી (વેસ્ટ). સમય: સાંજે ૪ થી ૫ વાગ્યે. આભારની સાથે, ઉષા શર્મા અને લક્ષ્ય કુમાર, નેહા અને કરણ શર્મા (એસઆઈસી).


# ટિકિટ ન મળતા AAPના પૂર્વ કાઉન્સિલર ટાવર પર ચઢી ગયા

## ટિકિટ ન મળતા AAPના નેતાનો હાઈ વોલ્ટેજ ડ્રામા : હસનનો આરોપ છે કે પાર્ટીએ તેમને ટિકિટ નથી આપી

નવી દિલ્હી, તા.૧૩

દિલ્હીમાં નગરપાલિકાની ચૂંટણીની જાહેરાત બાદ તમામ રાજકીય પક્ષો પોતપોતાના ઉમેદવારોની યાદી જાહેર કરી રહ્યા છે.

આ સાથે જ ટિકિટ ન મળતા નેતાઓની નારાજગી પણ સામે આવી રહી છે. આ ક્રમમાં ટિકિટ ન મળવાથી નારાજ હસીબ-ઉલ-હસન, જે આમ આદમી પાર્ટીના પૂર્વ દિલ્હીની ગાંધીનગર બેઠક પરથી કાઉન્સિલર હતા, તે ટાવર પર ચઢી ગયા હતા. આ હાઈ વોલ્ટેજ ડ્રામા વચ્ચે પૂર્વ કાઉન્સિલરે આક્ષેપ કર્યો હતો કે પાર્ટીએ ટિકિટ પણ આપી નથી.



ટ્રાન્સમિશન ટાવરથી નીચે ઉતર્યા પછી, છછઁના પૂર્વ કાઉન્સિલર હસીબ-ઉલ-હસને કહ્યું કે દિલ્હીના લોકો, આ તમારી જીત છે, હું આવતીકાલે ઉમેદવારી નોંધાવીશ. જો તમે લોકો નહીં આવશો તો છછઁના નેતા સંજય સિંહ, દુર્ગેશ પાઠક, આતિષી ક્યારેય મારા પેપર પરત ન કરત.

● અનુસંધાન પાન-૭ પર

# રાષ્ટ્રપતિ પરના નિવેદનને લઈ મમતા બેનર્જીનું ડેમેજ કંટ્રોલ

## મંત્રી અખિલ ગિરીના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ વિશેના વિવાદાસ્પદ નિવેદન બાદ મમતા ડેમેજ કંટ્રોલ પર ઉતર્યા

કોલકાતા, તા.૧૩

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના જેલ મંત્રી અખિલ ગિરી દ્વારા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ વિશે આપેલા વિવાદાસ્પદ નિવેદન બાદ તૃણમૂલ કોંગ્રેસે આદિવાસીઓને આકર્ષવા માટે કવાયત શરૂ કરી છે. મુખ્યમંત્રી મમતા બેનર્જી ફરી એકવાર જંગલમહેલના પ્રવાસે જઈ રહ્યા છે. તે આવતા મંગળવારે એટલે કે ૧૫ નવેમ્બરના રોજ બિરસા મુંડાના જન્મદિવસે ઝારગ્રામના બેલપહાડીના સાહરીમાં જઈ રહી છે. મુખ્યમંત્રીની જિલ્લા મુલાકાતને લઈને જોરશોરથી ગતિવિધિઓ શરૂ થઈ ગઈ છે.

મમતા બેનર્જી આ અઠવાડિયે રાસ ઉત્સવ દરમિયાન નાદિયાની મુલાકાતે આવ્યા હતા. વહીવટી બેઠક ઉપરાંત તેમણે ત્યાં જાહેર સભા પણ યોજી હતી. નાદિયા જિલ્લાના પ્રવાસ બાદ આવતા અઠવાડિયે તે ઝારગ્રામ જઈ રહી છે. જણાવી દઈએ કે રાષ્ટ્રપતિ પર અખિલ ગિરીના નિવેદન બાદ ભાજપ સતત TMC પર પ્રહારો કરી રહી છે અને મમતા બેનર્જીને આદિવાસી વિરોધી ગણાવી રહી છે.